For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### SSG હોસ્પિટલમાં નવી બિલ્ડિંગના બાંધકામમાં કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારી

# નીલકંઠ ઈન્ફ્રાએ કન્સ્ટ્રક્શન વચ્ચે રાહદારીઓ માટેનો ગેટ ખુલ્લો રાખ્યો : મોટી દુર્ઘટનાની રાહ જોતું તંત્ર?

**માથા** પર મોત ભમતું હોવા છતાં કોન્ટ્રાક્ટર બેફિકર, દર્દીઓના સગામાં રોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.16

મધ્ય ગુજરાતની સૌથી મોટી અને પ્રતિષ્ઠિત ગણાતી વડોદરાની સયાજી હોસ્પિટલ પરિસરમાં ચાલી રહેલા બાંધકામ દરમિયાન કોન્ટ્રાક્ટરની વધુ એક મોટી બેદરકારી સામે આવતા સ્થાનિકો અને દર્દીઓના સગા-સંબંધીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હોસ્પિટલની પાછળના ભાગમાં હાલમાં એક નવી ભવ્ય બિલ્ડિંગનું કન્સ્ટ્રક્શન કામ ચાલી રહ્યું છે, જેનો કોન્ટ્રાક્ટ 'નીલકંઠ ઈન્ફ્રા' નામની કંપનીને સોંપવામાં આવ્યો છે. પરંતુ આ કંપની દ્વારા સુરક્ષાના નિયમોને નેવે મૂકીને કામ કરવામાં આવતું હોવાનું સામે આવતા અનેક સવાલો ઊભા થયા છે.

સામાન્ય રીતે કોઈપણ મોટા કન્સ્ટ્રક્શન સાઈટ પર ભારે મશીનરી અને ઊંચાઈ પર કામ ચાલતું હોવાથી આ સ પાસના વિસ્તારને સુરક્ષિત કરવો અનિવાર્ય હોય છે, જેથી કોઈ દુર્ઘટના ન ઘટે. જો કે, એસએસજી હોસ્પિટલના આ બાંધકામ સ્થળે તદ્દન વિપરીત ચિત્ર જોવા મળી રહ્યું છે . જ્યાં એક તરફ કન્સ્ટ્રક્શનનું જોખમી કામ ચાલુ છે, તેની બિલકુલ નીચેથી સામાન્ય નાગરિકો અને





રાહદારીઓ માટે આવન-જાવનનો મુખ્ય ગેટ ખુલ્લો મૂકી દેવામાં આવ્યો છે. સુરક્ષાની કોઈ પણ આડશ કે ચેતવણીના બોર્ડ વિના જ હજારો લોકો આ જોખમી વિસ્તારમાંથી પસાર થવા મજબૂર બન્યા છે. ઉપરથી કોઈ કપચી, ઈંટ કે લોખંડનો ટુકડો પડે તો નિર્દોષ નાગરિકોનો જીવ જઈ શકે છે તેવી ભીતિ સેવાઈ રહી છે.

સ્થાનિક અહેવાલો અનુસાર, નીલકંઠ ઈન્ફ્રા કંપની દ્વારા સુરક્ષા બાબતે બેદરકારી દાખવવામાં આવી હોય તેવી આ કોઈ પ્રથમ ઘટના નથી. આ અગાઉ પણ અનેક વખત આ કોન્ટ્રાક્ટરની આવી નાની-મોટી લાપરવાહીઓ સામે આવી ચૂકી છે, છતાં હોસ્પિટલ પ્રશાસન કે જવાબદાર સરકારી વિભાગ દ્વારા તેમની સામે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. વારંવાર અપાતી છૂટછાટને કારણે જ કોન્ટ્રાક્ટરના હોસલા બુલંદ થયા હોય તેમ લાગી રહ્યું છે.

હાલ માં આ ગંભીર મુદ્દે હોસ્પિટ લમાં આવતા દર્દીઓના પરિજનો અને જાગૃત નાગરિકો દ્વારા તંત્રને ઉગ્ર અપીલ કરવામાં આવી રહી છે. લોકોની માગ છે કે કોઈ મોટી જાનહાનિ થાય તેની રાહ જોયા વિના, વહીવટી તંત્ર તાત્કાલિક અસરથી આ મામલે હસ્તક્ષેપ કરે. નિયમોનું ઉલ્લંઘન કરનાર નીલકંઠ ઈન્ફ્રા કોન્ટ્રાક્ટર સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવે અને જ્યાં સુધી સુરક્ષાની પૂરતી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી સામાન્ય લોકોની અવરજવર પર પ્રતિબંધ મુકવામાં આવે અથવા વૈકલ્પિક રસ્તો શરૂ કરવામાં આવે.

# ગેસ સિલિન્ડર અને ટુ વ્હીલરની ચોરી કરનાર રીઢો ચોર ઝડપાયો : 66 હજારનો મુદ્દામાલ કબજે

**ક્રાઇમ** બ્રાન્ચે પોલો ગ્રાઉન્ડના ગેટ પાસેથી સિલિન્ડર સાથે પકડતા સાત ગુનાના ભેદ ઉકેલાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેરમાં ટુ-વ્હીલર વાહનો અને ગેસ સિલિન્ડરની ચોરીની વધતી ઘટનાઓ વચ્ચે વડોદરા ક્રાઈમ બ્રાન્ચને મહત્વપૂર્ણ સફળતા મળી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ચોરીને અંજામ આપનાર એક રીઢા આરોપીને ઝડપી પાડતાં પોલીસે કુલ 7 અનડિટેક્ટ ગુનાઓનો ભેદ ઉકેલી કાઢ્યો છે. આરોપી પાસેથી ચોરાયેલા વાહનો, ગેસ સિલિન્ડરો અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ.66 હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ ક્રાઈમ બ્રાન્ચની ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી



હતી કે એક શખ્સ પોલો ગ્રાઉન્ડ ગેટ નજીક એક્ટિવા પર ગેસ સિલિન્ડર લઈને ફરી રહ્યો છે. જેના આધારે પોલીસે વોચ ગોઠવી અનીલ દેવજી મહીડા (રહે. જાનકીધામ સોસાયટી, સમા કેનાલ રોડ, છાણી, વડોદરા)ને ઝડપી પાડ્યો હતો. આરોપી અગાઉ પણ વાહન ચોરીના અનેક ગુનાઓમાં સંડોવાયેલો હોવાથી તેની સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી હતી.

પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીએ માંજલપુર વિસ્તારમાંથી ગેસ સિલિન્ડર અને સુભાનપુરા વિસ્તારમાંથી એક્ટિવાની ચોરી કર્યાની કબૂલાત કરી હતી. વધુ તપાસમાં છેલ્લા એક માસ દરમિયાન શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી બે એક્ટિવા અને એક જ્યુપીટર સહિત ત્રણ ટુ-વ્હીલર વાહનો તેમજ સમા, માંજલપુર અને ફતેગંજ વિસ્તારમાંથી પાંચ ઈન્ડેન ગેસ સિલિન્ડરની ચોરી કર્યાનું બહાર આવ્યું હતું.

તપાસ દરમિયાન ગોરવા, બાપોદ અને ફતેગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વાહન ચોરીના ત્રણ તેમજ માંજલપુર, સમા અને ફતેગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગેસ સિલિન્ડર ચોરીના ચાર મળી કુલ 7 ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. આરોપી અનીલ મહીડા અગાઉ પણ એક્ટિવા ચોરીના આશરે 10 જેટલા ગુનાઓમાં ઝડપાઈ ચૂક્યો છે અને પાસા હેઠળ રાજકોટ જેલમાં પણ જઈ આવ્યો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

# તાપમાન 42.6 ડિગ્રીએ, રજાના દિવસે પણ લોકોએ બહાર નીકળવાનું ટાળ્યું

**સાંજ** અને રાત્રિના સમયે ફૂંકાતા ગરમ પવનના કારણે લોકો પરેશાન

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વડોદરા શહેરમાં ઉનાળાએ આકરું સ્વરૂપ ધારણ કર્યું છે. રવિવારે મહત્તમ તાપમાન 42.6 ડીગ્રી અને લઘુતાન તાપમાન 29.6 ડીગ્રી નોંધાતા શહેરીજનો અસહ્ય ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સવારથી જ સૂર્યનારાયણના આકરા તાપને કારણે બપોરના સમયે રસ્તાઓ સૂમસામ જોવા મળ્યા હતા. સવારે 56 % અને સાંજે ભેજનું પ્રમાણ ઘટીને માત્ર 24% થતા ગરમ અને સૂકા પવનને કારણે લોકોએ વધુ અકળામણ અનુભવી હતી. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં પણ ગરમીનું જોર યથાવત રહેવાની શક્યતા છે. તંત્ર દ્વારા બપોરે 12 થી 4 વાગ્યા દરમિયાન બિનજરૂરી બહાર ન નીકળવા અને પૂરતા પ્રમાણમાં પાણી પીવાની સલાહ આપવામાં આવી છે. ઉનાળાની સિઝન ચરમસીમાએ પહોંચી છે અને નાગરિકો માટે હજુ પણ મુશ્કેલીભરી આગાહી સામે આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં આગામી દિવસોમાં ગરમીનો પ્રકોપ યથાવત રહેશે. મહત્તમ તાપમાન 40 ડિગ્રીથી લઈને 44 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની પૂરેપૂરી શક્યતા છે. રાત્રે પણ રાહત નહીં માત્ર દિવસ દરમિયાન જ નહીં, રાત્રિના સમયે પણ લોકોને ગરમીથી કોઈ રાહત મળવાની નથી. ઉકળાટનું કારણ પવનની દિશા બદલાવાને કારણે અને વાતાવરણમાં ભેજને લીધે રાત્રે અસહ્ય ઉકળાટ અનુભવાશે. સાંજના અને રાત્રિના સમયે ફૂંકાતા ગરમ પવન એટલે કે લૂ ના કારણે લોકો પરેશાન થશે. હવામાન વિભાગે જણાવ્યું કે હાલ વાતાવરણમાં એક સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય થઈ છે. આ સિસ્ટમ સક્રિય થવાને કારણે વાતાવરણમાં પલટો અને પવનની ગતિમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. જોકે, આ સિસ્ટમ છતાં આગામી થોડા દિવસો સુધી તાપમાન ઊંચું જ રહેશે.

### ભીની આંગળી દિવાલ પર સુરક્ષા માટે લગાવેલા લોખંડના ઇલેક્ટ્રિક તારને અડી જતાં જોરદાર ઝટકો લાગ્યો

# વાસદના આખરીધામ મંદિરે દર્શન કરવા ગયેલા 24 વર્ષીય યુવકને કરંટ લાગતા મોત

**નંદેસરી** પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા તા.17

મહીસાગર નદીના કિનારે ફાજલપુર નજીક આવેલા સુપ્રસિદ્ધ આખરીધામ હનુમાનજી મંદિરમાં રવિવારે બનેલી કરૂણ ઘટનાએ સમગ્ર પંથકને શોકમગ્ન બનાવી દીધું છે. વડોદરાના પાણીગેટ વિસ્તારમાં રહેતા 24 વર્ષીય યુવક અજય રતિલાલ વસાવાનું મંદિર પરિસરમાં કરંટ લાગવાથી મોત નિપજ્યું હતું. આ બનાવ બાદ મૃતકના પરિવારજનોમાં આક્રંદ મચી ગયો છે, જ્યારે મંદિર પ્રશાસનની બેદરકારી સામે સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

મળતી માહિતી મુજબ અજય વસાવા પોતાના મિત્ર ગણેશભાઈ બાબુભાઈ કહાર અને અન્ય મિત્રો સાથે વાસદ-



ફાજલપુર સ્થિત આખરીધામ મંદિરે દર્શન કરવા આવ્યો હતો. દર્શન પહેલાં તમામ મિત્રો મહીસાગર નદીમાં સ્નાન કરવા ગયા હતા. સ્નાન કરીને ભીના કપડાંમાં પરત ફરેલો અજય મંદિર પરિસરમાં પ્રવેશી રહ્યો હતો ત્યારે અજાણતામાં તેનો હાથ કમ્પાઉન્ડની દિવાલ પર લગાવવામાં આવેલા લોખંડના કાંટાળા તારને અડી ગયો હતો.

મંદિર સંચાલકોએ વાંદરા અને અન્ય પશુઓથી સુરક્ષા માટે દિવાલ ઉપર કાંટાળા તાર બાંધી તેમાં વીજ કરંટ પ્રવાહિત કર્યો હોવાનું સામે આવ્યું છે. અજયનો હાથ જીવંત વાયર સાથે સ્પર્શાતાં જ તેને જોરદાર વીજ ઝટકો લાગ્યો હતો અને તે બેભાન થઈ જમીન પર ઢળી પડ્યો હતો. ઘટનાને જોતા મિત્ર ગણેશભાઈએ બૂમાબૂમ કરી તરત જ ઈલેક્ટ્રિક મેઈન સ્વીચ બંધ કરાવ્યો હતો. બાદમાં અજયને વાયરથી અલગ કરી તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે વાસદની સરકારી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જોકે ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

ઘટનાની જાણ થતાં જ નંદેસરી પોલીસ સ્ટેશનનો કાફલો હોસ્પિટલ અને ત્યારબાદ ઘટનાસ્થળે દોડી ગયો હતો. મૃતકના પરિવારજનોએ મંદિરના સંચાલકો અને મહારાજ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. પરિવારજનોનો આક્ષેપ છે કે લાઈટ જતી રહેતાં કરંટ બંધ કરાયો હતો, પરંતુ લાઈટ પરત આવ્યા બાદ વાયર ફરી જીવંત થઈ ગયા હતા. જાહેર ધાર્મિક સ્થળે આવી જોખમી વ્યવસ્થા રાખવી ગંભીર બેદરકારી હોવાનું જણાવી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### વસતિ ગણતરી ઓનલાઈન કામગીરીથી શિક્ષકો દ્વિધામા

# લો વર્ઝનવાળા મોબાઈલ હોવાથી શિક્ષકોને એપ ડાઉનલોડમાં તકલીફ

**અખિલ** ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે 4GB રેમ વાળા મોબાઇલ-ટેબ્લેટની માંગ કરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વસતિ ગણતરી-2027ની તૈયારીઓ વચ્ચે મોબાઈલ અને ટેકનિકલ સાધનોનો મુદ્દો ગરમાયો છે. કેન્દ્ર સરકાર દ્વારા વસતિ ગણતરી-2027 માટે મોબાઈલ એપ મારફતે ઓનલાઈન કામગીરી કરવાની સૂચનાઓ આપવામાં આવી છે, જેના કારણે શિક્ષકોને હાલાકી પડી રહી છે.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા રાજ્ય સરકાર અને વસતિ ગણતરી કાર્ય નિર્દેશાલય સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. મહાસંઘે જણાવ્યું કે, એપ મુખ્યત્વે એન્ડ્રોઈડ વર્ઝન-12 અથવા તેથી ઉપરના વર્ઝનવાળા ફોનમાં જ સુચારૂ રીતે કાર્ય કરે છે. મોબાઈલમાં ઓછામાં ઓછી 4 GB રેમ હોવી જરૂરી છે. રાજ્યના મોટા ભાગના શિક્ષકો અને કર્મચારીઓ પાસે હાલમાં એન્ડ્રોઈડ-10 અથવા તેનાથી નીચા વર્ઝનવાળા મોબાઈલ ઉપલબ્ધ છે. આ કારણે શિક્ષકો એપ્લિકેશન ડાઉનલોડ અને ઉપયોગ કરવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. રાષ્ટ્રીય સ્તરની મહત્વપૂર્ણ કામગીરીમાં ટેકનિકલ અડચણોને કારણે કોઈપણ કર્મચારી વંચિત ન રહે તે માટે મહાસંઘે રાજ્ય સરકાર સમક્ષ માંગ કરી છે કે, શિક્ષકોને ગણતરીની કામગીરી માટે મોબાઈલ-ટેબ્લેટની સહાય આપવામાં આવે અથવા આર્થિક સહાય આપવામાં આવે. મહાસંઘનું કહેવું છે કે જો શિક્ષકો અને સુપરવાઈઝરોને જરૂરી મોબાઈલ-ટેબ્લેટ ઉપલબ્ધ નહીં કરાવાય તો વસતિ ગણતરી-2027ની કામગીરી પર અસર પડશે. સરકાર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

### વડોદરામાં રાષ્ટ્રીય ગરિમા શરમાઈ! NH-48 પર કચરાના ઢગલામાંથી મળ્યો તિરંગો, અજાણ્યા તત્વો સામે આક્રોશ



વડોદરાના નેશનલ હાઇવે 48ની બાજુમાં આવેલા કચરાના ઢગલામાંથી દેશની શાન સમાન ત્રિરંગો મળી આવતા સ્થાનિકો અને દેશપ્રેમીઓમાં ભારે આક્રોશ વ્યાપી ગયો હતો. અજાણ્યા તત્વો દ્વારા રાષ્ટ્રધ્વજને કચરામાં ફેંકી દઈ તેનું ઘોર અપમાન કરવામાં આવ્યું હોવાની આ ઘટનાએ સમગ્ર પંથકમાં ચર્ચા જગાવી છે. પોલીસના જવાનોએ સમયસૂચકતા કચરા ઢગલામાંથી તિરંગાને ઉઠાવી સાથે લઈ જઈ સન્માન જાળવ્યું હતું.

# દેણા ગામ પાસે ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ લાગતા અફરાતફરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વડોદરા શહેર નજીક દેણા ગામ વિસ્તારમાં આવેલા એક ભંગારના ગોડાઉનમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં આગે રુદ્ર સ્વરૂપ ધારણ કરતા દૂર દૂર સુધી ધુમાડાના ગોટે ગોટા નજરે પડ્યા હતા. જેને લઈ આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો.

ગરમીના તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો છે. ગરમીના પ્રકોપને કારણે આગ લાગવાના બનાવો વધવા માંડયા છે. ત્યારે, રવિવારે શહેર નજીક દેણા ગામ વિસ્તારમાં આવેલા એક ભંગારના ગોડાઉનમાં અચાનક આગ લાગી હતી. સ્થાનિક લોકોએ ગોડાઉનમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોયા હતા. થોડી જ વારમાં આગે વિકરાળ સ્વરૂપ લઈ લીધું અને જ્વાળાઓ દૂર દૂર સુધી દેખાવા લાગી હતી. ભયનો માહોલ સર્જાતા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. સ્થાનિકોએ તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરી હતી. માહિતી મળતાની સાથે



જ ફાયર બ્રિગેડના જવાનો ઘટના સ્થળે દોડી ગયા હતા અને પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવી લીધો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. જોકે આગને કારણે ગોડાઉનમાં રહેલો ભંગાર, પૂંઠા, પ્લાસ્ટિક સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી. જોકે, તીવ્ર ગરમીના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવ્યું હતું.

### નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ ઓનલાઇન સુધારા વિન્ડો ખોલી

# NEET-UGની પુનઃ પરીક્ષા માટે ઉમેદવારો 21 મે સુધી શહેર અને સરનામું બદલી શકશે

**કોઈ** વધારાની ફી નહીં લેવાય, માત્ર વર્તમાન સરનામું અને પરીક્ષાના શહેર સિવાય અન્ય કોઇ પણ વિગતોમાં સુધારો કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

એનટીએ દ્વારા 21 જૂન 2026ના રોજ યોજાનારી નીટ યુજી 2026ની પુનઃ પરીક્ષા માટે મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. જે ઉમેદવારોના વર્તમાન સરનામામાં ફેરફાર થયો હોય અને તેઓ પરીક્ષા કેન્દ્ર એટલે કે શહેર બદલવા માંગતા હોય તેમના માટે એનટીએ દ્વારા ખાસ ઓનલાઈન સુધારા વિન્ડો ખોલવામાં આવી છે.




સરનામામાં ફેરફાર થયો હોય તેવા વિદ્યાર્થીઓ 21 મે 2026 સુધી પરીક્ષાના શહેરની પસંદગી બદલી શકશે. સરનામું કે પરીક્ષાનું શહેર બદલવા માટે ઉમેદવારોએ કોઈ વધારાની ફી ચૂકવવાની રહેશે નહીં. ઉમેદવારો સત્તાવાર વેબસાઈટ પર જઈને ઓનલાઈન એપ્લિકેશન વિન્ડો દ્વારા પોતાની પ્રથમ અને દ્વિતીય પસંદગીના પરીક્ષા શહેરો અપડેટ કરી શકે છે. આ વિશેષ સુવિધા અંતર્ગત માત્ર વર્તમાન સરનામું અને પરીક્ષાના શહેર સિવાય અન્ય કોઈ પણ વિગતોમાં સુધારો કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં જે વિદ્યાર્થીઓ આ સમયગાળા દરમિયાન પોતાના કેન્દ્રમાં કોઈ ફેરફાર નહીં કરે, તેમની અગાઉની પરીક્ષા શહેરની પસંદગી જ યથાવત રાખવામાં આવશે. 21 મેની સમયમર્યાદા સમાપ્ત થયા બાદ પરીક્ષા કેન્દ્ર કે સરનામું બદલવા માટેની કોઈ પણ અરજી કે વિનંતીને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. ઉમેદવારને કયું ચોક્કસ પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવ્યું છે તેની માહિતી તેમના એડમિટ કાર્ડ પર જ દર્શાવવામાં આવશે. પરીક્ષા કયા શહેરમાં છે તેની આગોતરી માહિતી અને એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવાની તારીખ હવે પછી સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. આ પુનઃ પરીક્ષા 21 જૂન 2026ના રોજ બપોરે 02:00 વાગ્યાથી સાંજે 05:15 વાગ્યા સુધી પેન અને પેપર ઓફલાઈન મોડમાં લેવાશે.

### સુંદરપુરા GEB સબ સ્ટેશન પાસે મોડી રાત્રે સર્જાયેલા અકસ્માતના સીસીટીવી ફૂટેજે કાળજું કંપાવ્યું

# NH-48 પર કાર ચાલકે એક્ટિવા સવાર બે મિત્રોને હવામાં ફંગોળ્યા

**અકસ્માત** સર્જી ભાગેલી કારનું ટાયર ફાટતાં ચાલક 'નોવીનો' કંપની પાસે ગાડી સંતાડી પલાયન

(પ્રતિનિધિ) વડોદરા. તા.17

શહેરમાં બેફામ સ્પીડે વાહનો હંકારતા નશાખોરો કે બેદરકાર ચાલકો નિર્દોષ નાગરિકો માટે કાળ બની રહ્યા છે. વડોદરાના નેશનલ હાઈવે નંબર 48 પર આવેલા સુંદરપુરા GEB સબ સ્ટેશન પાસે શનિવારે મોડી રાત્રે કાળજું કંપાવી મૂકે તેવી એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. કરજણ તરફથી પૂરપાટ ઝડપે ધસી આવેલી એક ફોર વ્હીલર કારના ચાલકે રોડ ક્રોસ કરી રહેલા એક્ટિવા સવાર બે યુવાનોને એવી ભયાનક ટક્કર મારી કે બંને યુવકો હવામાં 300 થી 400 ફૂટ દૂર સુધી ફંગોળાયા હતા. આ ગમખ્વાર અકસ્માત સર્જ્યા બાદ કાર ચાલક માનવતા નેવે મૂકીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

મળતી માહિતી મુજબ, ગત મોડી રાત્રે આશરે પોણા બે વાગ્યાની આસપાસ આ અકસ્માત સર્જાયો હતો. મકરપુરા ડેપો પાછળ રહેતો અને DJ ઓપરેટર તરીકે કામ કરતો મિતેશ ઉર્ફે કાંચો અને તેની ઘરે અંકલેશ્વરથી મહેમાન તરીકે આવેલો તેનો મિત્ર કિશન, બંને જણા એક્ટિવા ટુ-વ્હીલર પર સવાર થઈને સુંદરપુરા GEB સબ સ્ટેશન પાસેથી હાઈવે ક્રોસ કરી રહ્યા હતા. બરાબર આ જ સમયે કરજણ તરફથી યમદૂતની જેમ ધસી આવેલી પૂરપાટ ઝડપની ફોર વ્હીલરે એક્ટિવાને કચડી નાખ્યું હતું. ટક્કર એટલી જોરદાર હતી કે હાઈવે પર લોહીના ખાબોચિયા ભરાઈ ગયા હતા.

નસીબજોગ, અકસ્માતનો ભોગ






બનેલા બંને યુવાનોના અન્ય મિત્રો પણ અલગ વાહન પર પાછળથી આવી રહ્યા હતા. પોતાની નજર સામે જ મિત્રોનો કાળમુખો અકસ્માત થતાં તેઓ સ્તબ્ધ થઈ ગયા હતા. જોકે, સમય સૂચકતા વાપરીને તેમણે તાત્કાલિક ઈમરજન્સી સેવા 108 નો સંપર્ક કર્યો હતો. 108 ની ટીમ પણ મિનિટોમાં ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ગંભીર રીતે લોહીલુહાણ થયેલા મિતેશ અને કિશનને તાત્કાલિક સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. હાલમાં અંકલેશ્વરના રહીશ કિશનની હાલત નાજુક હોવાનું તબીબો જણાવી રહ્યા છે અને તે જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતો હોવાનું જાણવા મળ્યું છે.

અકસ્માત સર્જીને ભાગી છૂટેલા નિર્દયી કાર ચાલકે પકડાઈ જવાના ડરથી સ્પીડ વધારી દીધી હતી. જોકે, અકસ્માતની તીવ્રતાના કારણે GJ 06 RC 0792 નંબરની આ ફોર વ્હીલર ગાડીનું ટાયર રસ્તામાં જ ફાટી ગયું હતું. ટાયર ફાટી જવા છતાં શખ્સે ગાડી રોકી નહોતી અને આગળ જઈ 'નોવીનો' કંપની પાસે અંધારામાં ગાડી સંતાડી દીધી હતી અને પોતે ત્યાંથી પલાયન થઈ ગયો હતો.

આ સમગ્ર ભયાનક અકસ્માતની ઘટના હાઈવે પર લાગેલા સીસીટીવી (CCTV) કેમેરામાં કેદ થઈ ગઈ છે. ફૂટેજમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે કાર ચાલક કેટલી હદ સુધી કાયદાના ભય વિના ઓવરસ્પીડમાં ગાડી ચલાવી રહ્યો હતો. કઈ રીતે તેણે એક્ટિવાને હવામાં ફંગોળ્યું અને ત્યારબાદ સહેજ પણ ઊભા રહ્યા વિના તે ત્યાંથી નાસી છૂટ્યો, તે જોઈને કોઈપણ વ્યક્તિ ધ્રૂજી ઊઠે.

પોલીસે હાલ CCTV ફૂટેજ અને ગાડીના નંબરના આધારે ગુનો નોંધીને ફરાર કાર ચાલકને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. લોકોમાં આ ઘટનાને પગલે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે અને કાર ચાલકને કડકમાં કડક સજા થાય તેવી માંગ ઉઠી છે.

### ધો.-12ના પરિણામ જાહેર થયા બાદ ઓન સ્ક્રિન માર્કિંગ સિસ્ટમ લાગુ કરાઈ

# CBSEના વિદ્યાર્થીઓને રિવેલ્યુએશન અને વેરિફિકેશન ફીમાં 80 ટકા સુધીનો ઘટાડો

**સ્કેન્ડ** કોપી માટે હવે માત્ર 100, પ્રશ્નદીઠ રિચેકિંગ 25માં થશે, માર્ક્સ વધે તો ફી પરત મળશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા પોસ્ટ-રિઝલ્ટ સેવાઓની ફીમાં ધરખમ ઘટાડો કરવાની જાહેરાત કરવામાં આવી છે. આમાં આન્સરશીટની સ્કેન્ડ કોપી, માર્ક્સ વેરિફિકેશન અને રિવેલ્યુએશનની અરજીનો સમાવેશ થાય છે.

ધોરણ-12ના પરિણામ જાહેર થયા બાદ ઓન સ્ક્રિન માર્કિંગ સિસ્ટમ લાગુ કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ ઊંચી ફી અંગે ચિંતા વ્યક્ત કરી હતી. જેને પગલે બોર્ડે સીબીએસઈ રીવેલ્યુએશન ફી સ્ટ્રક્ચર 2026 સુધાર્યું છે. નવા માળખા મુજબ સ્કેન્ડ કોપી મેળવવા માટે 100 અગાઉ પ્રતિ વિષય જે 700 હતા. માર્ક્સ વેરિફિકેશન માટે 100 જે અગાઉ 500 હતા. સુધારણા કે રિવેલ્યુએશન માટે પ્રતિ પ્રશ્ન 25 જે અગાઉ પ્રતિ પ્રશ્ન 100 હતા. બોર્ડે સ્પષ્ટ કર્યું કે રિવેલ્યુએશન બાદ જો વિદ્યાર્થીના માર્ક્સ વધશે તો રિવ્યૂ ફી સંપૂર્ણપણે પરત કરવામાં આવશે.

સ્કૂલ શિક્ષણ સચિવ સંજય કુમારે જણાવ્યું કે સુધારેલું ફી માળખું વિદ્યાર્થીઓ માટે રિવ્યૂ પ્રક્રિયામાં સુલભતા અને પારદર્શિતા વધારવાનો હેતુ ધરાવે છે.તેમણે સ્પષ્ટતા કરી કે ઓન સ્કીન માર્કિંગ સિસ્ટમ પહેલીવાર લાગુ નથી થઈ. બોર્ડે સૌપ્રથમ 2014માં ઓએસએમ શરૂ કરી હતી. પરંતુ ત્યારે ટેકનિકલ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની મર્યાદાઓને કારણે તેને વ્યાપકપણે ચાલુ રાખી શકાઈ ન હતી. મંત્રાલયના જણાવ્યા મુજબ આશરે 98 લાખ ઉત્તરવહીઓ સ્કેન કરીને PDF ફાઈલમાં રૂપાંતરિત કરી મૂલ્યાંકનકર્તાઓને મોકલવામાં આવી હતી.

સ્કેનિંગ દરમિયાન ત્રણ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થા વાપરવામાં આવી હતી જેથી કોઈ પાનું છૂટી ન જાય, બધા પાના સ્પષ્ટ વાંચી શકાય અને સિક્યોરિટી કોડિંગ યોગ્ય રીતે વેરિફાય થાય. બોર્ડે જણાવ્યું કે શાહી કે સુવાચ્યતાની સમસ્યાને કારણે 13,000થી વધુ ઉત્તરવહીઓ સ્કેન થઈ શકી ન હતી. જેનું મેન્યુઅલી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.